# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

********************************************************

1. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં જાપાનના સંરક્ષણ મંત્રી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.
2. ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય પરિષદ આજે સિંગાપોરમાં યોજાશે.
3. ઝારખંડમાં વિદ્યાર્થી આંદોલન સમેટાયું- રદ થયેલી પરીક્ષાઓમાં પસંદ થયેલા ઉમેદવારો દ્વારા વિરોધ પ્રદર્શન.
4. બાંગ્લાદેશમાં, 35 વર્ષ બાદ આજે રાષ્ટ્રપતિની ચૂંટણી.
5. બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ભારતની પીવી સિંધુ ચીનની વાંગ ઝી યી સામે રમશે.
6. ભારતીય મહિલા ટીમ આજે FIH હોકી વિશ્વ કપની અંતિમ પૂલ D મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# RAJNATH-JAPAN

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં જાપાનના સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. આ બેઠક દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવશે, વ્યૂહાત્મક વિશ્વાસ અને સહયોગ વધારશે અને હિંદ –પ્રશાંત ક્ષેત્રમાં સ્થિરતા અને સુરક્ષાને પ્રોત્સાહન આપશે.સાંભળીએ આ અંગે એક અહેવાલ

## (BYTE: MANOJ FINAL)

*(इस बैठक से द्विपक्षीय रक्षा संबंधों को और मजबूत करने, रणनीतिक विश्वास और सहयोग बढ़ाने तथा हिन्द प्रशांत क्षेत्र में स्थिरता और सुरक्षा को बढ़ावा मिलने की उम्मीद है। दोनों नेता मेक इन इंडिया ढांचे के तहत समुद्री सुरक्षा सहयोग को और मजबूत करने, विचार-विमर्श करेंगे। रक्षा मंत्रालय ने कहा है कि यह बैठक द्विपक्षीय रक्षा और सुरक्षा सहयोग को आगे बढ़ाने के लिए एक रोडमैप तैयार करने का अवसर प्रदान करती है।)*

ભારતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન, શિંજીરો કોઈઝુમીએ ગઈકાલે મુંબઈમાં પશ્ચિમી નૌકાદળ કમાન્ડની મુલાકાત લીધી હતી.

# INDIA-SINGAPORE MINISTERIAL CONFERENCE

ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય પરિષદ આજે સિંગાપોરમાં યોજાશે. આ પરિષદ નવા અને ઉભરતા ક્ષેત્રો સહિત સહકારને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ મંચ છે. ભારત-સિંગાપોર મંત્રીસ્તરીય ગોળમેજી પણ આજે સિંગાપોરમાં યોજાશે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

## (BYTE: VISHAL SHARMA FINAL)

*(श्री गोयल चौथी भारत सिंगापुर मंत्री स्तरीय गोलमेज बैठक में शामिल होंगे। इसके साथ ही समझौता ज्ञापनों पर भी हस्ताक्षर किए जाएंगे। श्री गोयल सिंगापुर के प्रधानमंत्री लॉरेंस वोंग से इस्ताना में मुलाकात करेंगे। इसके अलावा वे ग्लोबल फाइनेंस एंड टेक्नोलॉजी नेटवर्क वाईपीओ ग्लोबल और मिलकेन इंस्टीट्यूट के वरिष्ठ प्रतिनिधियों के साथ सरकार और उद्योग के बीच सहयोग से जुड़े कार्यक्रमों में भी हिस्सा लेंगे।)*

દરમિયાન, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ગઈકાલે સિંગાપોર પહોંચ્યા બાદ સિંગાપોરના વિદેશ મંત્રી વિવિયન બાલકૃષ્ણનને મળ્યા હતા. શ્રી જયશંકરે શ્રી બાલકૃષ્ણન સાથે સિંગાપોરમાં ભારતીય ઉચ્ચ કમિશનના નવા ચાન્સરી સંકુલનો શિલાન્યાસ પણ કર્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સંકુલ ભારત-સિંગાપોર વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના નવા યુગને રેખાંકિત કરશે અને ભારતીય સમુદાય માટે સેવાઓને વધુ મજબૂત બનાવશે.

# RAMMOHAN NAIDU-AIRCARGO

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું છે કે, સરકાર 2030 સુધીમાં એર કાર્ગોના જથ્થાને ત્રણ ગણો વધારવાનું લક્ષ્ય રાખે છે. હાલમાં, દેશનું એર કાર્ગોનું પ્રમાણ આશરે 35 લાખ મેટ્રિક ટન છે. દિલ્હી એરપોર્ટથી એર કાર્ગો કનેક્ટિવિટી વધારવા માટે ટ્રાન્સ કાર્ગો સિક્યુરિટી હોલ્ડ એરિયા હેઠળ નવા ક્ષેત્રોના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી નાયડુએ કહ્યું કે, આ સુધારાનો હેતુ એક જ ઇન્ટરમીડિયેટ એરપોર્ટ દ્વારા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્થળો વચ્ચે કાર્ગોની અવરજવરને સરળ બનાવવાનો છે.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ભારત નવા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્થળો ઉમેરીને તેના એર કાર્ગો ટ્રાન્સશિપમેન્ટ નેટવર્કનો વિસ્તાર કરી રહ્યું છે.તેમણે જણાવ્યું કે કાર્યક્ષમ એર કાર્ગો નેટવર્ક વિના ભારત એક મજબૂત ઉડ્ડયન કેન્દ્ર રહી શકે નહીં. તેમણે ભારતીય ખેડૂતો, ખાસ કરીને કૃષિ ઉત્પાદનોના નિકાસકારો માટે ઝડપી કાર્ગો અવરજવરના ફાયદાઓ પર પણ પ્રકાશ પાડ્યો.

# JHARKHAND EXAM

રાજ્ય સરકારે અનેક ભરતી પરીક્ષાઓ રદ કરવાના અને કથિત ગેરરીતિઓની તપાસના આદેશ આપ્યા બાદ ઝારખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા 26 દિવસથી ચાલી રહેલા વિરોધનો અંત આવ્યો છે. જો કે, આ નિર્ણયથી રદ કરાયેલી પરીક્ષાઓ દ્વારા પહેલાથી જ નિયુક્ત થયેલા ઉમેદવારો દ્વારા વિરોધ પ્રદર્શન શરૂ થયું છે.સાંભળીએ આ અંગે એક અહેવાલ

## (BYTE: MAHVISH)

*(आंदोलन रत छात्रों ने राज्य सरकार द्वारा जारी अधिसूचना के बाद अपना आंदोलन समाप्त कर दिया है। छात्रों ने सरकार को जांच पूरी करने के लिए 60 दिनों का समय दिया है और चेतावनी दी है कि जांच निष्पक्ष या संतोषजनक नहीं होने पर वे फिर आंदोलन शुरू करेंगे। इसके विरोध में जेएसएससी सीजीएल से नियुक्त अभ्यर्थियों ने झारखंड सचिवालय और प्रोजेक्ट भवन के बाहर प्रदर्शन कर अपनी नौकरी और भविष्य को लेकर चिंता जताई। महविश रहमान, आकाशवाणी समाचार, रांची।)*

# MST-CANCER MEDICINE

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે એક નવી દવાની જાહેરાત કરી છે, જે પરંપરાગત કીમોથેરાપીનો વિકલ્પ બની શકે છે. RK-251 નામની આ દવા તંદુરસ્ત કોષોને નુકસાન પહોંચાડ્યા વિના કેન્સર કોષોને નિષ્ક્રિય બનાવે છે.

મંત્રાલયે આ પરિણામને સાકાર કરવા બદલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (IASST) ના સંશોધકો અને IIT ગુવાહાટીના નિષ્ણાતોના સહયોગી કાર્યની પ્રશંસા કરી. મંત્રાલયે એ પણ અહેવાલ આપ્યો છે કે પ્રીક્લિનિકલ અભ્યાસોમાં, આ દવાએ આક્રમક ટ્રિપલ-નેગેટિવ સ્તન કેન્સર કોષો સામે મજબૂત અસરકારકતા દર્શાવી છે, જ્યારે સ્વસ્થ કોષો પર તેની ઓછી અસર પડી છે.

# YUVASANGAM

શિક્ષણ મંત્રાલયે યુવા સંગમના સાતમા તબક્કા માટે ઓનલાઈન નોંધણી માટેની છેલ્લી તારીખ આ મહિનાની 31મી તારીખ સુધી લંબાવી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ વિસ્તરણથી દેશભરના લાયક યુવાનોને આ અનોખા યુવા વિનિમય કાર્યક્રમમાં નોંધણી કરાવવા અને ભાગ લેવાની બીજી તક મળશે.18 થી 30 વર્ષની વયના યુવાનો - જેમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો અને યુવા વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે - સત્તાવાર યુવા સંગમ પોર્ટલ દ્વારા નોંધણી કરાવી શકે છે.

યુવા સંગમના સાતમા તબક્કા માટે, IIT, IIM, કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને NIT સહિત 20 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને આ વિનિમય કાર્યક્રમનું સંચાલન કરવા માટે નોડલ સંસ્થાઓ તરીકે પસંદ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# RAJDOOT SARJIO GOR

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ગઇકાલે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યો અને કહ્યું કે કેન્દ્ર અને પ્રાદેશિક સરકારોએ સુરક્ષા સુધારવા માટે નોંધપાત્ર પગલાં લીધાં છે.

**(BYTE: SERGIO GORE)**

*(केंद्र और स्थानीय सरकार ने इस क्षेत्र को सुरक्षित बनाने के लिए कुछ बेहद महत्वपूर्ण कदम उठाए हैं। यह एक बहुत सुंदर क्षेत्र है। मेरा मानना है कि बहुत से अमेरिकी पर्यटक यहां आकर इसकी सुंदरता को देखना पसंद करेंगे।)*

શ્રી ગોરે, કેન્દ્રશાસિત પ્રદેશની તેમની પ્રથમ મુલાકાતમાં, શ્રીનગરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી.

# DRI

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ લખનૌમાં હાથીદાંતની કલાકૃતિઓના ગેરકાયદેસર વેપારમાં સંડોવાયેલી વન્યજીવન દાણચોરી કરતી ટોળકીને ઝડપી લીધી છે.

દરોડામાં 54 કોતરણી કરેલી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે, જેમાં બળદ અને હાથી જેવા પ્રાણીઓની સહિતની મૂર્તિઓનો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલી અન્ય વસ્તુઓમાં કાતર, કાંસકો, અગરબત્તીઓ અને સિંદૂરના બોક્સનો સમાવેશ થાય છે.

DRI ના જણાવ્યા મુજબ, આ કલાકૃતિઓ ખૂબ જ જટિલ રીતે બનાવવામાં આવી છે. ધરપકડ કરાયેલા ચાર સભ્યોને વધુ તપાસ માટે ઉત્તર પ્રદેશ વન વિભાગને સોંપવામાં આવ્યા છે.

# BANGLA PREZ POLLING

બાંગ્લાદેશમાં, 35 વર્ષના અંતરાલ પછી, રાષ્ટ્રપતિની ચૂંટણી માટે આજે બપોરે 2 થી સાંજે 5 વાગ્યા સુધી સંસદમાં મતદાન થશે.

શાસક પક્ષ BNP ના નેતા મિર્ઝા ફખરુલ ઇસ્લામ આલમગીર અને 11-પક્ષીય વિપક્ષી ગઠબંધનના ઉમેદવાર કર્નલ ઓલી અહેમદ વચ્ચે મતદાન થશે. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ કાલે સાંજે બંગભવનના દરબાર હોલમાં બાંગ્લાદેશના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

પદભ્રષ્ટ પ્રધાનમંત્રી પ્રધાન શેખ હસીનાના નજીકના સહયોગી મોહમ્મદ શહાબુદ્દીને ગયા મહિને સ્વાસ્થ્યના કારણોસર તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરતા પહેલા રાજીનામું આપી દેતાં રાષ્ટ્રપતિની ચૂંટણી જરૂરી બની હતી.

# BADMINTON

BWF બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે, ભારતની પીવી સિંધુ મહિલા સિંગલ્સમાં ચીનની વાંગ ઝી યી સામે રમશે. ભારતની ડેબ્યુટન્ટ આયુષ શેટ્ટી પુરુષોની સિંગલ્સમાં ઇન્ડોનેશિયાની અલ્વી ફરહાન સામે ટકરાશે.

પુરુષ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી રાઉન્ડ ઓફ 16માં જુનૈદી આરિફ અને રોય કિંગ યાપ સામે ટકરાશે.

મહિલા ડબલ્સમાં, ભારતની ટ્રેસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી જાપાનની રિન ઇવાનાગા અને કેઈ નાકાનિશી સામે ટકરાશે. મિશ્ર ડબલ્સમાં, ભારતની ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી ચીનની ગુઓ ઝિન વા અને ચેન ફેંગ હુઈ સામે રમશે.

# HOCKEY WORLD CUP

ભારતીય મહિલા ટીમ આજે FIH હોકી વર્લ્ડ કપના અંતિમ પૂલ D મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે. આ મેચ એમ્સ્ટલવીનના વેગનર સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ  સાંજે 6:30 વાગ્યે શરૂ થશે.

આ મેચમાં જીત કે ડ્રો ભારતને પૂલમાં ટોચનું સ્થાન અપાવશે અને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય કરશે.

બીજી તરફ, ભારતીય પુરુષ હોકી ટીમે ગઈકાલે તેમના અંતિમ ગ્રુપ મેચમાં હરીફ પાકિસ્તાનને 5-3થી હરાવીને આગામી રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના અખબારોમાં હેડ લાઇનમાં વિવિધતા જોવા મળી જેમાં ગુજરાત સમાચારમાં જેન-ઝીને મનાવવા મોદી સરકારના હવાતિયાં,અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું મુશ્કેલ,૧૮ સપ્ટેમ્બરે થી નવા નિયમ અને નીટ પેપર લીક રોકવા **NTA** માં ધરખમ સુધારાની જરૂર -સુપ્રીમ અને ઝારખંડમાં પરીક્ષા રદ કરવા સામે સચિવાયલમાં ધૂસીને વિરોધ જેવા સમાચાર પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે
- સંદેશએ જમ્મુ -કાશ્મીર ભારતનું મહત્વપૂર્ણ અંગ -સર્જીઓ ગોરનું નિવેદન,**16** વર્ષ પછી ભારત – પાકિસ્તાનને હૉકી વર્લ્ડ કપમાં કચડ્યું -ભારતે પાકિસ્તાન ને **5-3** હરાવ્યું, દેશમાં **10** હજાર લોકો દીઠ **10** ડૉક્ટર ,ચીનથી ચાર ગણા ઓછા કોલકત્તાની હોટલમાં ભીષણ આગ, **4** વર્ષના બાળક સહિત નવ લોકોના મોતના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.